WE ARE **HIRING**

- ELECTRICAL ENGINEER - Design
- PRODUCTION ENGINEER - Mechanical
- ITI Electrician
- RECEPTIONIST - Male

Walk in on 18, 19 & 20 Oct., 2026 | Timing : 11 pm to 5 pm

Susha Founders & Engineers

158-159, GIDC Pandesara, Nr. BOB Surat.

Email : info@sushaindia.in

Mob. No. 99090 14003

સુધારા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ સુધારા અંગેની નોટિસથી જણાવવાનું કે તા. ૧૬/૧૦/૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર દૈનિક વર્તમાનપત્રમાં મોજે નરથાણ ના બ્લોક નંબર ૩૩૩ તથા મોજે માસમા ના બ્લોક નંબર ૪૬૬ વાળી જમીનો અંગે જે જાહેર નોટિસ પ્રકાશિત કરવામાં આવેલ છે, તેમાં શરતચૂકથી ''અમિત જીવરાજભાઈ લુખી ના એડવોકેટ'' એવું લખાઈ ગયેલ છે. જેમાં સુધારો કરીને ''ખરીદનારના એડવોકેટ'' તરીકે વાંચવું અને સદર જાહેર નોટિસ તે સુધારા સાથે અમલમાં ગણવી.

ધવલ એ. ભલાણી
તે ખરીદનાર ના એડવોકેટ

તબદીલી માટે આવેલ અરજી અનુસંધાને જાહેર નોટીસ

આથી હર કોઈને જાણ કરવાની કે શહેર સુરતના કોર્પોરેશન વિસ્તારમાં ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી. ના વહીવટ હેઠળ ચાલી આવેલ મિલકત યાને બ્લોક/સર્વે નં. ૧૪૦ થી ૧૫૦+૧૬૬ પૈકી પ્લોટ બી-ઈન્ડ-૮૩ સ.ચો.વાર ૧૨૦૦ થી નોંધાયેલ જમીન અમલા સહીતની મિલકતમાં સંઘના રેકર્ડ મુજબના ધારણકર્તા સર્વશ્રી અજય રતીલાલ ગાંધી, મીનાક્ષી અજય ગાંધી તથા પ્રણવ અજયભાઈ ગાંધી રહેવાસી : રોડ નં. ૫, ઉદ્યોગનગર, ઉધનામાં ચાલી આવેલ છે. શ્રી અજય રતીલાલ ગાંધીનું અવસાન થવાથી રજીસ્ટર્ડ વિલની રૂએ મજકુર મિલકતમાંનો તેમનો વણ-વહેંચાયેલ હિસ્સો તેમના પુત્ર પ્રણવ અજયભાઈ ગાંધીને પ્રાપ્ત થયેલ હોવાનું જણાવી નામ ટ્રાન્સફર કરવા સંઘમાં અરજી કરેલ છે. મજકુર અરજીના અનુસંધાને રજીસ્ટર્ડ વિલથી ઉપરોકત જણાવેલ વ્યકિતનું નામ સંઘના રેકર્ડ પર દાખલ કરી રેકર્ડ દુરસ્તી કરવામાં કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાનો કોઈપણ જાતનો લાગ, ભાગ હક્ક-હિત, યા હિસ્સો અન્ય કોઈપણ પ્રકારનો હક્ક હોય તથા આ રજીસ્ટર્ડ વિલની નોંધ સામે કોઈ વાંધો હોય તો તેણે પોતાનો દર-દાવો યા વાંધો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં લેખિતમાં વિગતવાર આધાર પુરાવા સહિત સંઘમાં પહોંચાડવો. જો ઉપરોકત મુદતમાં ઉપર મુજબ કોઈ વાંધો નહી આવે તો મુદત વીત્યે મજકુર અરજી અનુસંધાને રજીસ્ટર્ડ વિલની નોંધ સામે કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાને વાંધો યા તકરાર નથી અને હોય તો તે જતા કરેલ છે, એમ માની મજકુર અરજી મુજબ નામો દાખલ કરી રેકર્ડ દુરસ્તી કરવામાં આવશે અને પાછળથી કોઈની કોઈ તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા-વળગતાએ નોંધ લેવી.

જનરલ મેનેજર,
ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી. ઉધના.

મહેરબાન સુરતના બીજા એડી. સીનીયર સીવીલ જડજ સાહેબશ્રી ની કોર્ટમાં, સુરત
જીલ્લા ન્યાયાલય, રૂમ નં. ૮૧૩, આઠમો માળ, ન્યુ કોર્ટ બીલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.

શ્રી આર.એમ.કાલોતરા સાહેબની કોર્ટમાં,
અરજદારઃ હિગ્નેશ જીતેન્દ્ર કાપડિયા, વારસા પરચુરણ અરજી નંબર ૧૫૯/૨૦૨૬
વિરૂધ્ધ

સામાવાળા : (૧) તેજલબેન તે જીતેન્દ્ર રમણલાલ કાપડીયાની દીકરી તે ઘર્મેશભાઈ મોદીની પત્નિ, (૨) રોશનીબેન તે જીતેન્દ્ર રમણલાલ કાપડીયાની દીકરી તે હેમલ પટેલની પત્નિ,

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોકત વારસા અરજીના અરજદાર તરફથી નીચે જણાવેલ વિગતો વારસા અરજી દાખલ કરવામાં આવેલ છે.

હમો અરજદાર સામાવાળાઓના પિતા સ્વર્ગીય જીતેન્દ્ર રમણલાલ કાપડિયા ના એચ.ડી.એફ.સી.બેંક લિમિટેડ, અન્ના નગર, ચેન્નાઈ શાખામાં એકાઉન્ટ નં. ૫૫૦૦૦૦૦૧૫૦૨૦૧૨ અન્વયે ખાતામાં ચાલી આવેલ જમા રકમ રૂપિયાઃ ૧૧,૩૫,૭૨૧/- ધરાવતા હતા. જે રકમ મેળવવા બાબત અરજદારે હાલની વારસા અરજી દાખલ કરવામાં આવેલ છે.

સદર વારસા અરજીની સુનાવણી તા. ૨૦/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જો વારસા અરજીની વિરૂધ્ધ જે કોઈ ઈસમોને વાંધા-વિરોધ, લાગ-ભાગ, હક્ક-હિસ્સો, કે દર-દાવો કે તકરાર હોય તો તેમણે જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં વાંધા સહિત અચૂક હાજર રહેવું. જો કોઈ વ્યકિત તરફથી વાંધા, તકરાર, ઉઠાવવામાં નહીં આવે, તો કોઈ વ્યકિતને વાંધો નથી તેમ માનીને અરજદારને માંગ્યા મુજબનું વારસા સર્ટીફીકેટ કાયદા અન્વયે અરજદારના નામના અને લાભમાં આપવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખઃ ૧૬/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી અને કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર		મુકાબલ કરનાર	હુકમથી
સહી/- (યુ.ડી.ગોહીલ)	(કોર્ટનો સિક્કો)	સહી/- (એમ.બી.કાતરીયા)	સહી/- (એસ.આર.કાપડીયા)
આસીસ્ટન્ટ		સુપ્રિન્ટેન્ડન્ટ	રજીસ્ટ્રારશ્રી
સીવીલ કોર્ટ,સુરત		સીવીલ કોર્ટ,સુરત	સીવીલ કોર્ટ,સુરત

જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકે નવસારીના મોજે ગામ દંડેશ્વર ના રે.સ.નં. ૩૭૫, બ્લોક નં. ૬૯ વાળી જરાયતની સુમારે હે. ૨-૫૮-૯૨ ચો.મી., પોત-ખરાબાની સુમારે હે.આરે ૦-૦૧-૦૧ ચો.મી. મળી કુલ્લે હે.આરે ૨-૫૯-૯૩ ચો.મી., આકાર રૂા. ૧૭-૦૫ પૈસાવાળી, ખાતા નં. ૪૨૦ વાળી કુલ્લે જુની શરતની ખેતીની જમીનના (૧) શારદાબેન નગીનભાઈ ઓડ, રહે : ૭૫૪, જુની ચાલ, સીંધી કેમ્પ, નવસારી (૨) બાલુબેન શનાભાઈ ઓડ તે કરશનભાઈ ગેમલભાઈ ઓડની પત્ની, રહે : ૭૪૮, જય મહાકાલી ભવન, સીંધી કેમ્પ, નવસારી તથા (૩) ગજરાબેન ઉર્ફે ગજરીબેન શનાભાઈ ઓડ તે હરીશભાઈ ગેમલભાઈ ઓડની પત્ની, રહે : એજનનાએ પોતાની સંયુકત અને સંપુર્ણ માલીકી, કબજા ભોગવટાની તથા બોજા રહિત તેમજ કલીયર માર્કેટેબલ ટાઈટલ હોવાનું જણાવી, મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી, બ્યાનું સ્વીકારેલ છે. સબબ, આ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો યા ઈઝમેન્ટ લીયન, ચાર્જ, બોજો, કબજો-ખેડ હક્ક, ગણોત હક્ક, ઈઝમેન્ટ હક્ક, રસ્તા વપરાશના હક્ક વિગેરેના હક્કો હોય, તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની મુદતમાં, પોતાના હક્ક-દર-દાવા સંબંધી લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે જાણ કરવી. નહીંતર મુદત વિત્યે કોઈના હક્કો નથી એમ માની અથવા તો તેવા તમામ હક્કો તેઓએ જતા (વેવ) કર્યા હોવાનું શુધ્ધબુધ્ધિપુર્વક માની મારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. ત્યારબાદ, કોઈપણ તકરારને અવકાશ રહેશે નહીં. જેની આથી નોંધ લેવી.

૧૬, નિકુંજ સોસાયટી, કદમપલ્લી સામે, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૨૫૫૬૬૧૫૦

મારી મારફત : **આશિષ એ. શાહ** તે ખરીદનારના એડવોકેટ

મોજેઃ એંધલ, તા. ગણદેવી, જી. નવસારીની ખેડખાતાની જમીનોના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, મોજેઃ **એંધલ** ગામમાં આવેલ **બ્લોક/સર્વે નંબર-૩૫૬/પૈકી ૧**, ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૧-૫૩-૨૮, ખાતા નંબર-૧૨૪૦ વાળી ખેડખાતાની જમીન **રમેશભાઈ મગનભાઈ સુનાવીયા**, રહે-આનંદ નગર, સણિયા હેમાદ, સુરત-૩૯૫૦૦૬ ના સ્વતંત્ર માલિકી કબજે હોવાનું જણાવી હમારા અસીલને તેઓ વેચાણ કરવા માંગતા હોય સદરહું ખેડખાતાની જમીન બાબતે કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે ઈસમોનો બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, રસ્તાના હક્ક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબનાં સાટાખત, બાનાખત, સમંતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારના કોઈ લખાણો નથી અને હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજુઆતો હમારા અસીલ તરફે અને વતી હમોને કરવી જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે સદરહું ખેડખાતાની જમીનમાંકોઈનું કોઈપણ પ્રકારે બોજો, બેંક લોન, કબજો-ભોગવટો, કાયદેસરના હક્ક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબના સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરો ખત વિગેરે પ્રકારના કોઈ લખાણ નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે ''વેઈવ'' કર્યા છે તેમ માની ઉપરોક્ત જણાવેલ ખેડખાતાની જમીનોનાં માલિક હમારા અસીલને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપશે અને તે અંગે ભવિષ્યમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા-હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહિં, જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

(રમેશભાઈ મગનભાઈ સુનાવીયા)
તા. ૧૬-૧૦-૨૦૨૬

હમારા અસીલની સુચનાથી, **અજય આર. ગાંધી** (એડવોકેટ)
૧૧૦, શંખેશ્વર કોમ્પલેક્ષ, કલેકટર ઓફિસ સામે, નવસારી. મો.: ૯૮૨૫૦૯૯૦૮૬

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત થઈ)
IDFC FIRST Bank
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરીંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
TEL: +91 44 4564 4000 | FAX: +91 44 4564 4022.

એપેન્ડિક્સ IV [રૂલ 8(1)] કબજા નોટિસ
(અચલ મિલકત માટે)

જેમાં સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત થઈ) ના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરનાર 13(12) હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ તારીખ 30 જુલાઈ, 2026ના રોજ ડિમાન્ડ નોટિસ પાઠવીને ઋણ લેનાર અને સહ-ઋણ લેનાર 1. શાહ સંજયકુમાર પારસમેલ, 2. શાહ લલિતાબેન સંજયભાઈને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર 24 જુલાઈ, 2026 ના રોજ સુધીની બાકી રકમ રૂ. 32,93,397.32/- (રૂપિયા બત્રીસ લાખ ત્રાણું હજાર ત્રણ સો સત્તાણું અને પૈસા બત્રીસ માત્ર) ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું.

ઋણ લેનાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, આથી ઋણ લેનાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વાંચતા ઉપરોક્ત એક્ટની સેકશન 13ની સબ-સેકશન (4) હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ આ 12 ઓક્ટોબર, 2026ના રોજ નીચે વર્ણવેલ મિલકતનો કબ્જો લીધો છે.

ખાસ કરીને ઋણ લેનાર અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈ પણ વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈ પણ વ્યવહાર રૂ. 32,93,397.32/- (રૂપિયા બત્રીસ લાખ ત્રાણું હજાર ત્રણ સો સત્તાણું અને પૈસા બત્રીસ માત્ર) અને તેના પરના વ્યાજ માટે આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત થઈ)ના બોજાને આધીન રહેશે.

સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની સેકશન 13ની સબ-સેકશન (8)ની જોગવાઈઓ તરફ ઋણ લેનારનું ધ્યાન દોરવામાં આવે છે.

અચલ મિલકતોનું વર્ણન

બ્લોક નં. 285, સિટી સર્વે નં. NA285ના જમીન ભાગમાં આવેલ 'નક્ષત્ર શોપિંગ સેન્ટર એન્ડ રેસિડેન્સી' તરીકે ઓળખાતી સ્કીમમાં જમીન ક્ષેત્રફળમાં અવિભાજ્ય હિસ્સા સાથે પ્લોટ નં. 24 (સિટી સર્વે નં. NA285/24), આશરે 720.00 ચોરસ ફીટ એટલે કે 67.10 ચોરસ મીટર ક્ષેત્રફળ (40.00 ફીટ એટલે કે 12.20 મીટર પૂર્વ-પશ્ચિમ લંબાઈ અને 18.00 ફીટ એટલે કે 5.50 મીટર ઉત્તર-દક્ષિણ પહોળાઈ) ધરાવતી તમામ અચલ મિલકતનો ભાગ જે સ્થિત છે ગુજરાત રાજ્યના સુરત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટના બારડોલી તાલુકાના મોજે આસ્તાન ખાતે. અને ચતુર્સીમાઃ પૂર્વઃ પ્લોટ નં. 27, પશ્ચિમઃ આંતરિક રોડ, ઉત્તરઃ પ્લોટ નં. 25, દક્ષિણઃ પ્લોટ નં. 23

તારીખઃ 12 ઓક્ટોબર, 2026
સ્થળઃ સુરત, ગુજરાત
લોન એકાઉન્ટ નંબરઃ 164695930

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ હતી અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત થઈ)

કંપની કાયમી ધોરણે બંધ કર્યા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા, વ્યાપારી આલમ, સપ્લાયર્સ તથા સરકારી, ખાનગી યા સહકારી બેંકો, સંસ્થા યા વ્યક્તિ, ઈસમો વિગેરે તથા લાગતા વળગતા તમામને જાહેર નોટીસથી જાહેર કરવાનું કે મારા અસીલ સિદ્દીકી ફરહીન નાઝ મોહમ્મદ મંજુર, પ્રોપ્રાઈટરઃ **FALCAN GROUP OF COMPANIES,** ઠેકાણું: બંગલા નં.૫૩, સ્વપ્નવિલા, કામરેજ, સુરતની સૂચના અને ફરમાઈશથી જણાવવાનું કેઃ

મારા અસીલ ઉપરોકત કંપનીના માત્ર ઓન-રેકોર્ડ માલિક હતા અને આ કંપનીનો તમામ વહીવટ, સંચાલન તથા વ્યવહારો જાળોધરા પ્રશાંત ધનજીભાઈ દ્વારા કરવામાં આવતા હતા. હવે મારા અસીલે આ કંપનીનો તમામ વ્યાપાર કાયમી ધોરણે બંધ કરેલ છે. મારા અસીલ તથા સંચાલકશ્રી દ્વારા આ કંપનીના બજારના તમામ નાના-મોટા લેણાં, દેવાં અને હિસાબ-કિતાબ ચૂકતે કરી દેવામાં આવેલ છે. તેમ છતાં, જો કોઈ વ્યક્તિ, સંસ્થા કે બેંકને આ કંપની સાથેના વ્યવહાર અંગે કોઈ પણ પ્રકારનો હક, દાવો, નાણાકીય લેણદેણ બાકી હોય, તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયાના **દિવસ-૦૫** ની મુદતમાં પુરાવા સહિત અમારી ઓફીસે જરૂરી દસ્તાવેજી પુરાવા સહિત લેખીત જાણ કરવી, મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો હિસાબ-કિતાબ બાકી નથી, કે કોઈપણ લેણુ બાકી નથી એમ માની કે તેવા તમામ હકકો હિસાબો તેઓએ જતા યાને ''વેઈવ'' કર્યા હોવાનું માની મુદત બાદ આવેલી કોઈ પણ રજૂઆત મારા અસીલ પર બંધનકર્તા રહેશે નહીં.

(ઓ) યુ-૧૬, અમીઝરા એપાર્ટમેન્ટ, જીલ્લા સેવા સદન-૨ની સામે, અઠવાલાઈન્સ, સુરત. (મો) ૯૭૨૫૫૦૨૬૯૮

આશિક બી.પટેલ એડવોકેટ એન્ડ નોટરી અને **કાજલ એ.પટેલ** એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજ્યનાં નવસારી ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકો જલાલપોરનાં **મોજે સીમળગામનાં ખાતા નં. ૨૭૪, બ્લોક નં. ૬૫૬, જુનો બ્લોક/સરવે નં. ૫૦૫** થી નોંધાયેલી જુની શરતની જમીન કે જેનું ક્ષેત્રફળ **હે.આરે. ૦-૩૫-૪૬ ચો.મી.** વાળી ખેતીની જમીનનાં માલીક **મગનભાઈ નાથુભાઈ હાંસજીભાઈ** નાઓએ પોતાની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટેદાર, વહીવટ હેઠળની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટ્લ વાળી હોવાનુ જણાવી શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે અમારા અસીલશ્રીને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી સદરહું મિલકતમાં કે તેના હિસ્સા ઉપર જો કોઈ વંશ, વાલી, વારસ, શખ્સ, બેન્ક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, લેણાં, બોજો, બાનાખત, ચીઠ્ઠી કે દર દાવો હોય યા સદર વેચાણ વ્યવહાર સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ હોય તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૭ માં તે અંગેના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો સદરહું જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી મુદ્દત વીત્યે અમારા અસીલ, સદરહું મિલકત વેચાણ રાખવા અંગેની કાયદેસરની તમામ કાર્યવાહી કરી-કરાવીને સદરહુ મિલકતના પાકા લખાણ/દસ્તાવેજ કરી-કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી. (તા.૧૭/૧૦/૨૦૨૬)

વિશાલ વી. વઘાસીયા તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : ૧૦૧, પહેલો માળ, ઉમા કોમ્પલેક્ષ, નિલકંઠ રેસીડેન્સી સામે, કામરેજ ગામ રોડ, કામરેજ, સુરત-૩૯૪૧૮૦. મો.૯૮૭૯૮ ૨૩૨૭૭

જાહેર નોટીસ

આથી જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે સુરત શહેર પાલ ખાતે આવેલ રજી. ધ-૧૯૮૮૨ સુંદરમ(પાલ) કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી. આવેલ બી-૩, જી-૧ ના સભાસદ **કોકીલાબેન ઘનશ્યામભાઈ ના શેર સર્ટીફીકેટ નં.૩૪ શેર નં. ૧૬૬ થી ૧૭૦ છે સદર મિલકત તેમના** મુળ સભાસદ કોકીલાબેન ઘનશ્યામભાઈ નાઓ પાસેથી **વિપુલ જહાવરલાલ ઠકકર** નાઓએ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ.**વિપુલ જહાવરલાલા ઠકકર** નાઓના લગ્ન રેશ્માબેન નાઓ સાથે થયેલ પરંતુ તેઓ સાથે તારીખ :- ૧૭/૦૨/૨૦૧૮ ના રોજ ફારગતી થઈ ગયેલ હોય અને તેઓને કોઈ સંતાન ન હોય અને **વિપુલ જહાવરલાલા ઠકકર નાઓનું તારીખ :-૧૨/૧૧/૨૦૨૪** ના રોજ સુરત મુકામે ગુજરી ગયેલ હોય અને જેથી હિંદુ વારસાઈ અધિનિયમ ની કલમ ૮ મુજબ સદર મિલકતમાં તેઓના કાયદેસરના વારસદાર તરીકે તેઓના માતા **ગીતાબેન જહાવરલાલ ઠકકર** ચાલી આવેલ હોય અને સદર મિલકતના મુળ સભાસદ **કોકીલાબેન ઘનશ્યામભાઈ** નામે સોસાયટીએ જે શેર સર્ટીફીકેટ એલોટ કરેલ તેવું શેર સર્ટીફીકેટ ગુમ/ગેરવલ્લે ગયાની અરજી **ગીતાબેન જહાવરલાલ ઠકકર**નાઓની આવેલ છે. તેઓએ ડુપ્લીકેટની માંગણી કરેલ છે. જેથી આ શેર સર્ટીફીકેટ ધરાવનાર સભાસદ કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે અન્ય કોઈનું કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, હિત, સંબંધ, અધિકાર, ચાર્જ, બોજા, લીયન, દર-દાવો હોય કે વાંધો, હરકત હોય તેઓને આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખ થી દિન-૭ માં નીચે મુજબના સરનામે આધારભૂત અને કાયદેસરના દસ્તાવેજી પુરાવા સહીતમાં લેખિતમાં જાણ કરવી તેમા કસુર કરવામાં આવશે તો આ નોટિસની મુદ્દત વિત્યેથી સદરહું કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે અન્ય કોઈનું કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, હિત,સંબંધ, અધિકાર, ચાર્જ બોજા, લીયન, દર-દાવો હોય કે વાંધો, હરકત નથી અને હોય તો જતો કર્યો છે યાને વેવ કરેલ છે. તેમ માની કોકીલાબેન જહાવરલાલ ઠકકાર નાને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે હકક-દાવો ચાલશે નહિ જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

પ્રમુખશ્રી, **સુંદરમ(પાલ) કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી.** નાયરા પેટ્રોલપંપની ગલીમાં, પાલ અડાજણ, સુરત.

(જાહેર નોટીસ/પબ્લીક નોટીસ) મહે. સુરતના ૧૬ મા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જડ્જ સાહેબની કોર્ટમાં

નવી કોર્ટ બિલ્ડિંગ રૂમ નં. ૪૦૨ ચોથો માળ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત.
પરચુરણ દિવાની (વાલી) અરજી નં. ૪૮૮/૨૦૨૬ આંક : ૦૫ એડવોકેટ શ્રી : પ્રવિણ વિ. ડાભી
અરજદારઃ (૧) સમીમા ખાતુન તે શેખફરીદ સિદ્દીકીની વિધવા અને મર્હુમ મોહંમદ સિદ્દીકી નુર મોહંમદ ખાનની પુત્રવધુ
(૨) શેખ ફિરોઝ સિદ્દીકી અને મર્હુમ મોહંમદ સિદ્દીકી નુર મોહંમદ ખાનના પુત્ર
(૩) શેખ સબીના મોહંમદરે જાઉલ અને મર્હુમ મોહંમદ સિદ્દીકી નુર મોહંમદ ખાનની પુત્રી
(૪) બાદસા સિદ્દીકી ખાન અને મર્હુમ મોહંમદ સિદ્દીકી નુર મોહંમદ ખાનના પુત્ર
વિરૂધ્ધ
સામાવાળાઃ કોઈ નથી

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ થકી જણાવવાનુ કે... ઉપરોકત અરજદારોએ અરજદાર નં.૧ ના પુત્ર નામે એસ.કે સોયેબ ઉર્ફે શેખ સોયેબ ના હિસ્સાની ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ તાલુકા : ચોર્યાસીના મોજે ગામ : મોરાનાં રે.સર્વે/બ્લોક નંબર : ૧૨૧/૪+૫+૬ પૈકી રે. સર્વે નંબર ૧૨૧/૪ વાળી બીનખેતીની જમીનમાં રહેણાંકના હેતુ માટે "ઘનશ્યામ પાર્ક" નાં નામથી ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. એ-૫૧" વાળી મિલકત, જેને પંચાયત દફતરે મિલ્કત નંબર ૨૭૯૭ આપવામાં આવેલ છે, કે જેનું સુમારે ક્ષેત્રફળ ૫૨.૦૭ ચો.મી,જેમાં ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા માળના બિલ્ટ અપ એરિયાનું કુલ ક્ષેત્રફળ ૧૦૪.૧૪ ચો.મી. તથા તેને સંલગ્ન રોડ રસ્તાને ફાળે પડતા રાસુકા વપરાશનો હિસ્સો તથા રાસુકા વપરાશના કોમન પ્લોટમાં વણવહેચાયેલા ૧૬.૪૬ ચો.મી. અવિભાજ્ય હક્ક હિસ્સા સહીતની કુલ્લે ૬૮.૫૩ ચો.મી. સહિતની મિલકતમાં સગીરનો હિસ્સો વેચાણ, સાટાખત, ગીરો, કબ્જો, ભોગવટો વિગેરે કરવા તેમજ કાયદેસરના વાલી તરીકે વાલીપણા મેળવવા માટે અત્રેની કોર્ટમાં સી.એમ.એ.ડી.સી. નં. ૪૮૮/૨૦૨૬ થી અરજી દાખલ કરેલ છે.

આ અરજી વિરૂધ્ધ જે કોઈને કોઈ પણ પ્રકારનો વાંધા વિરોધ તર તકરાર હોય તો તેઓ જાતે અથવા વકીલ મારફતે તા.૨૫/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે અથવા સદર તારીખ પહેલા નામદાર કોર્ટમાં હાજર થઈ વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ આ અરજી સાંભળી કાયદા મુજબ અરજીનો નિકાલ કરશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૬ માહે ઓક્ટોબર સને - ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
(એમ. વી. ડેરવાળીયા)	(પી.યુ. સિંધવ)	(કોર્ટનો સિક્કો)	(એચ.એન.સુરતી)
આસીસ્ટન્ટ	આસીસ્ટન્ટ		ડે. રજીસ્ટ્રાર શ્રી
ડિસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત	ડિસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત		ડિસ્ટ્રીક્ટ કોર્ટ, સુરત

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડિસ્ટ્રીકટ સુરતસીટી-૪ (કતારગામ), તાલુકા સુરતસીટી (કતારગામ) ના **મોજે ગામ કતારગામ** ના **રેવન્યુ સર્વે / બ્લોક નં. ૫૨+૫૩** થી નોંધાયેલી બીનખેતીની જમીન, જેનુ રેવન્યુ રેકર્ડ મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૨-૩૬-૭૩ ચો.મીટર વાળી જમીનનો **ટી.પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ)** માં સમાવેશ થતા **ફાયનલ પ્લોટ નં. ૫૭** ફાળવવામાં આવેલ, ફાયનલ પ્લોટ મુજબનું **ક્ષેત્રફળ ૧૭,૨૯૦ ચો.મીટર** પૈકી **પુર્વ દિશા** તરફની **૬૬૮૮.૯૬ ચો.મીટર** યાને ૮,૦૦૦ ચો.વાર વાળી બિનખેતીની જમીનના માલિક મુખત્યાર અને કબજેદાર તરકે **ઘનશ્યામભાઈ ડુંગરભાઈ પટેલ (સુતરીયા) એચ.યુ.એફ.** ચાલી આવેલા છે અને સદરહુ મિલકત કલીયર માર્કેટબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલ સદરહુ મિલકત ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે હોઈ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારનો હકક, હિત-હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની અમારા અસીલ સદરહુ મિલકતના માલિકો પાસેથી કાયદેસરના લખાણો / દસ્તાવેજો કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કાંઈપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરિયાદ ચાલશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. તા.૧૭/૧૦/૨૦૨૬

ઓફિસ : ૪૦૩, ઝીરકોન પ્લસ, પટેલ સમાજની વાડી સામે, આંબાતલાવડી, કતારગામ, સુરત-૪, મો. ૯૮૨૪૮ ૮૨૭૮૫, ૯૫૭૪૬ ૩૮૦૦૦

અસીલની સુચના અને ફરમાઈશથી **વિનોદરાય ડી. પટેલ** એડવોકેટ & નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લે નવસારી, તાલુકા નવસારીનાં મોજે **ગામ વેજલપોર**નાં **હાલ બ્લોક/સરવે નં.૪૧૯ (ક્ષેત્રફળ ૪૫૮૮-૦૦ ચો.મી.), જેનો જમીન દફતર રેકર્ડમાં વોર્ડ : વેજલપોર(બીનખેતી) માં સીટી સરવે નં.NA419** વાળી બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામ સહીતની મીલકત **મુકેશભાઇ ગોવિંદભાઇ ધામેલિયા** એ પોતાની માલીકી કબજા ભોગવટાની હોવાનુ જણાવી તેમજ સદર મીલકતનાં ટાઇટલ તમામ રીતે કલીયર, ચોખ્ખા, નબોજી હોવાનુ જણાવી સદર મીલકત મારા અસીલને તમામ બોજા રહિત અને ચોખ્ખા ટાઇટલે વેચાણ આપવા નક્કી કરેલ છે. સદર મીલકતનાં વેચાણ વ્યવહાર અંગે કોઇપણ શખ્સ, બેન્ક, સંસ્થાને વાંધો હોય અગર સદરહુ વેચાણ આપવા નક્કી કરેલ મીલકત બાબત કોઈપણ શખ્સ, બેન્ક, સંસ્થાનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો, બોજા, કબજા હક્ક હોય તો તેની **લેખિતમાં પુરાવા સહિત જાણ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)** માં **હમો એડવોકેટને કરવી.** જો સદર મુદતમાં કોઇપણ શખ્સ, બેન્ક, સંસ્થાનાં લેખીતમાં પુરાવા સહીત વાંધા/તકરાર આવશે નહીં તો મુદત વિત્યે કોઇપણ શખ્સ, બેન્ક, સંસ્થાનો સદર વેચાણ આપવા નક્કી કરેલ મીલકતનાં વેચાણ વ્યવહાર સામે વાંધો/તકરાર નથી કે સદર વેચાણ આપવા નક્કી કરેલ મીલકત બાબત કોઇપણ શખ્સ, બેન્ક, સંસ્થાનાં હક્ક, હીત, હીસ્સા, દરદાવા, બોજા, કબજા હક્ક નથી અને નોટીશમાં જણાવેલી સમયમર્યાદામાં વાંધા/તકરાર લેવામાં ન આવે તો તેવા હક્ક, દરદાવા, તકરાર વિગેરે જતા કરેલા છે તેમ માની હમારા અસીલ સદરહુ વેચાણ આપવા નક્કી કરેલ મીલકત બાબત સદર માલીક સાથે સદર મીલકતનાં વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જરૂરી પાકા લખાણ/કરાર, રજી.દસ્તાવેજ કરાવી લેશે. ભવિષ્યમાં તે અંગે કોઇ શખ્સ, બેન્ક, સંસ્થાની કોઇપણ જાતની તરતકરાર, દરદાવા, વાંધા-વચકા કાયદા મુજબ ગ્રાહ્ય ગણાશે નહીં, જેની નોંધ લેવી.

સુજીત જે. તણખીયા અને **રાધિકા એ. પેંચીવાલા (નોટરી)**
ખરીદનારનાં એડવોકેટસ
૪૦૧, લીબર્ટી ચેમ્બર્સ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મો.નં.૯૮૯૮૦૦૫૦૫૮, ૭૩૮૩૫૯૦૫૯૮

શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., સાયણ,
તા. ઓલપાડ, જી. સુરત. ફોન/ફેક્ષ નં. ૦૨૬૨૧-૨૪૨૧૪૯,૨૪૨૨૭૮, મો.નં. ૯૯૭૮૨ ૪૨૧૪૯

વાર્ષિક સાધારણ સભાની નોટીસ - સભાસદો જોગ

આથી સંસ્થાના તમામ સભાસદોને ખબર આપવામાં આવે છે કે, સંસ્થાની **૫૩'મી વાર્ષિક સાધારણ સભા તા. ૩૧/૧૦/૨૦૨૬'ને શનિવારના રોજ સવારે-૧૦:૦૦ કલાકે** સંસ્થાની રજીસ્ટર્ડ ઓફિસનાં કંપાઉન્ડમાં રાખવામાં આવેલ છે. જેમાં સૌ સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી છે. વાર્ષિક અહેવાલ દરેક સભાસદોને મોકલવાની કાર્યવાહી ચાલુ છે. વાર્ષિક અહેવાલ તથા હિસાબ તા. ૨૪/૧૦/૨૦૨૬ સુધીમાં (રજાના દિવસો સિવાય)ન મળે તો તેમણે સંસ્થાની ઓફિસેથી રૂબરૂ મેળવી લેવા વિનંતી.

સાયણ.
તા. ૧૭/૧૦/૨૦૨૬

રોહિતકુમાર એ. દેસાઈ
મેનેજીંગ ડાયરેકટર.
(વ્યવસ્થાપક સમિતિના આદેશથી)

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ, કતારગામ સબ-ડીસ્ટ્રીકટનાં **મોજે : વરીયાવ**, જેનો **સર્વે નં. ૭૦૭/૨, બ્લોક નં. ૬૩૩**, ખાતા નં.૧૪૪૩, જેનું **ક્ષેત્રફળ ૦ હેકટર ૫૧ આરે ૧૩ ચો.મી.** જેનો આકાર રૂ.૫.૫૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન **હર્ષાબેન લક્ષ્મણભાઈ જલુ** ની સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરવાના છે. જેથી સદર ખેતીની જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હકક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમારા નીચે જણાવેલા સરનામે જરૂરી તથા લેખીત તથા દસ્તાવેજી પુરાવાઓ સહીત હમોને રૂબરૂ મળી ખાતરી કરાવી જવી અને મુદત વિત્યેથી સદર ખેતીની જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને "વેઈવ" કર્યો છે. તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદર ખેતીની જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામે નોધ લેવી. (તા. ૧૭/૧૦/૨૦૨૬)

ઓફિસ : ૧૨ થી ૧૮, પહેલો માળ, જયજલારામ શોપિંગ સેન્ટર, પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત. ફોન : ૨૭૭૮૬૫૯, મો. ૯૯૭૮૧ ૮૮૫૫૩

હમારી મારફત : **અરવિંદ એલ. પટેલ** તે એડવોકેટ એન્ડ નોટરી
વિવેક એ. પટેલ તે એડવોકેટ્સ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ **કામરેજ** ના મોજે ગામ **અલુરા** ઘરગાડા અને વાડામાં આવેલ **પંચાયત દફતરે અનુક્રમ નંબર ૬૬** થી નોંધાયેલ પ્રોપર્ટી **મીલકત નંબર ૪૭** થી નોંધાયેલી ખુલ્લી જમીન. જેનું કહ્લે **ક્ષેત્રફળઃ ૧૬૨૩.૫૦ ચો.મી.** વાળી મિલકત તથા રોડ રસ્તાની વણ-વહેંચાયેલા હિસ્સા સહિતની મીલકત, તેના હાલના માલીક **રાકેશભાઇ અશોકભાઇ વાઘેલા** ની પોતાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલ છે. તેઓએ સદર મિલકત મારા અસીલને વેચાણથી આપવાનુ નકકી કરેલ છે, જેના કાયદેસરના દસ્તાવેજી લખાણ મારા અસીલ ટુંક સમયમાં કરાવી લેનાર છે સદરહુ મિલકત અંગે જો કોઇનો કશા પ્રકારનો દર દાવો, હક્ક હિત હિસ્સો કે બોજો, ચાર્જ કે લિયન હોય, અગર તો કોઇની પાસે ગીરવે, જામીનમાં મુકેલ હોય તો, તેની આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં મને પુરાવા સહિત લેખિતમાં જાણ કરી ખાત્રી કરાવી જવી, મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો હક્ક હિત હિસ્સો ચાર્જ, લિયન કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, એમ ગણી મારા અસીલ સદરહુ મિલકતનો સંપુર્ણ વેચાણ અવેજ ચુકવી કાયદેસરના દસ્તાવેજી લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર તકરાર ચાલશે નહી તેની નોંધ લેશો.

સરનામુ : ૩૧૦, ડ્રિમલેન્ડ, સરથાણા જકાતનાકા, સુરત. મો.નં. ૯૯૧૩૬ ૯૫૦૮૦

ચિરાગ એચ. મોરડીયા એડવોકેટ

ખોવાઇ ગયેલ નોંધણી રસીદ સંબંધે તથા ટાઇટલ સંબંધી જાહેર નોટીસ

શહેર સુરતના અલથાણ બસસ્ટેન્ડ પાસેના લત્તામાં આવેલ, મોજે અલથાણના રે.સ.નં. ૧૬ પૈકી તથા ૧૮ પૈકીની જમીનમાં આકાર પામેલ વંદન કો.ઓ. હા. સોસાયટી લિ., એક રજી. હાઉસીંગ સોસાયટી દ્વારા બાંધવામાં આવેલા બિલ્ડીંગો પૈકી બિલ્ડીંગ નં. ૨ ના ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. બી/૨-૩૦૫ વાળી મીલકતના મારા અસીલોના અગ્રહકકધારી રામસ્વરૂપ બાલીરામ જાંગીડે આ ફ્લેટ શ્રીમતી નયનાદેવી ટી. ખત્રી પાસેથી તા.૪/૨/૨૦૦૬ ના રોજના રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબની (ઉધના ઝોન) કચેરીમાં તા.૪/૪/૨૦૦૬ ના રોજ અનુ. નં.૫૧૫૬ થી નોંધાયેલો છે. અમારા અસીલોના કબજામાં, અમારા અસીલના અગ્રહકકધારીનો અસલ વેચાણ દસ્તાવેજ મોજુદ છે. પરંતુ તેની રજીસ્ટ્રેશનની પહોંચ (આર.આર. રીસીપ્ટ) ગેરવલ્લે થયેલ છે. જેની ઘણી શોધખોળ કરવા છતાં, મળી આવેલ નથી. સબબ, અસલ આર.આર.રીસીપ્ટ જે કોઇના કબજામાં, કોઇપણ કારણોસર હોય, તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની મુદતમાં, પોતાના તેવા વાંધા સંબંધી લેખિત પુરાવા સહિત નીચેના સરનામે જાણ કરવી. નહીંતર મુદત વિત્યા બાદ, સદર ખોવાઇ ગયેલ, આ નોટીસ જણાવેલ અસલ આર.આર.રીસીપ્ટ સંદર્ભે કોઇના કોઇપણ પ્રકારના હકકો નહીં હોવાનું માનવામાં આવશે. પાછળથી ખોવાઇ ગયેલ અસલ આર.આર. રીસીપ્ટ બાબતે કોઇના હકો હોવા બાબતેની કોઇપણ જાતની તરતકરાર ચાલશે નહીં. જેની આથી સ્પષ્ટ અને ગંભીર નોંધ લેશો.

૧૬, નિકુંજ સોસાયટી, કદમપલ્લી સામે, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મો.નં.૯૮૨૫૫૬૬૧૫૦

મારી મારફત : **આશિષ એ. શાહ** તે લલીતાદેવી ઓમપ્રકાશ સાહ વિગેરેના એડવોકેટ

મોજે ગામ : વાંસનોલી, તાલુકો : હાંસોટ, જી : ભરૂચનાં બ્લોક નંબર : ૧૦૬,જેનો જુનો બ્લોક નંબર : ૧૩૬ તથા બ્લોક નંબર : ૭૦, જેનો જુનો બ્લોક નંબર : ૧૩૬ વાળી ખેતીની જમીનની

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને જણાવવાનું કે **મોજે ગામ : વાંસનોલી, તાલુકો : હાંસોટ, જી : ભરૂચનાં બ્લોક નંબર : ૧૦૬, જેનો જુનો બ્લોક નંબર : ૧૩૬**, જેનુ ક્ષેત્રફળ હે-આરે-ચો.મી સુમારે ૦-૬૧-૩૬, આકાર રૂા. ૬.૪૫ જેનો ખાતા નંબર ૨૫૮ તથા **બ્લોક નંબર : ૭૦, જેનો જુનો બ્લોક નંબર : ૧૩૬** જેનુ ક્ષેત્રફળ હે-આરે-ચો.મી સુમારે ૨-૬૪-૪૫ પોત ખરાબાનુ ક્ષેત્રફળ હે-આર-ચો.મી સુમારે ૦-૦૮-૦૯ મળી કુલ ક્ષેત્રફળ હે-આરે-ચો.મી સુમારે ૨-૭૨-૫૪, આકાર રૂા. ૨૭.૮૦ જેનો ખાતા નંબર ૨૫૮ વાળી જુની શરતની ખેતીની જમીન, જે ખેતરનુ નામ વાલીયાવાળુ અને ગભાણ તરીકે ચાલી આવેલ જમીન (૧)શરીફાબીબી મુસ્તફા (૨)મોહંમદ આબીર અબ્દુલગની (૩)શબ્બીર અહમદ અબ્દેરહેમાન તાજભાઈ નાઓની સંયુક્ત માલિકી, કબજા ભોગવટા, વહીવટ-વ્યવસ્થા હેઠળની તેમજ નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી અને સદરહુ જમીનમાં અન્ય કોઇનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો ન હોવાનું જણાવી, ખાત્રી, ભરોસો અને વિશ્વાસ આપી અમારા અસીલને પ્રત્યક્ષ કબજા સહિત વેચાણ આપવાનું નક્કી કર્યુ છે. જેથી સદરહુ ખેતીની જમીન ઉપર અન્ય કોઇ વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, ખાનગી ભાગીદારો, સ્વાયત્ત સંસ્થા કે બેન્ક વિગેરે હરકોઇનો લાગભાગ, કબજો, હક્ક - હિસ્સા, દર - દાવા, જપ્તી - અવલજપ્તી, લેણું - બોજા, સોદા - સાટાખત, પાવર ઓફ એર્ટની, એમ.ઓ.યુ. જેવા લેખો યા કોઇપણ પ્રકારના લખાણો યા કોર્ટ પ્રકરણો વિગેરે હોય તો તેમણે કાયદેસરના પ્રમાણિત પુરાવા સહીત દીન - ૧૦ (દસ)માં તે અંગેની સંપુર્ણ લેખીત ખાત્રી અમોને નીચેના સરનામે રૂબરૂ યા જવાબ સ્વરૂપે મોકલી આપી ખાતરી કરાવી જવી, મુદત વિત્યા બાદ કોઇના કોઇપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હક્ક - હિસ્સો કે લાગભાગ, દર - દાવા, કબજા - ભોગવટા યા ઇઝમેન્ટના હક્કો વિગેરે નથી અને હોય તો તે જતા યાને વેવ કર્યા છે એમ માની લઇ અમારા અસીલ મજકુર માલીકો ને અવેજની પુરેપુરી રકમ ચુકવીને વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી જરૂરી કાયદેસરના લખાણો - દસ્તાવેજો વિગેરે કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર - તકરાર, વાંધો વિરોધ, દર - દાવો વિગેરે ચાલશે નહી. અને તેની આ જાહેર નોટીસ થકી લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

અક્ષય કે. ગેમલાવાલા એડવોકેટ | **કલ્પેશ એસ. આહિરે** એડવોકેટ | **કપિલ ડી. રાણપરીયા** એડવોકેટ
તે ખરીદનારના એડવોકેટ્સ
ઠે.:- ૩૦૧-બાલાજી એન્કલેવ, નાનપુરા વોર્ડ ઓફીસની સામે, નાનપુરા, સુરત. મો.નં. ૯૧૦૬૯-૪૯૨૨૩

અસલ દસ્તાવેજ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીક્ટ, રજી. સબ-ડીસ્ટ્રીક્ટ માંગરોલના **મોજે. ઝીનોરા રેવન્યુ સર્વે નં. ૩૧/૪બ, ૩૧/૫, બ્લોક નં.૧૪/બ વાળી કુલ હેકટર આરે.૨-૧૯-૯૯ ચો.મી., જેનો ખાતા નં. ૧૫૯** તથા આકાર રૂા. ૨.૦૦ પૈસા છે. તે જુની શરતની ખેતીની જરાયત વાળી જમીન અમારા અસીલ **બટુકભાઇ ગોરધનભાઇ રાંક**ની માલીકીની ચાલી આવેલ. જેઓએ પોતાની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની જણાવી મજકુર વિગતની મિલકતના રાઇટ, ટાઇટલ અને ઇન્ટરેસ્ટ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનો વિશ્વાસ અને ભરોસો આપી **હસમુખભાઇ જસમતભાઇ કાંજીયા** ને ઉપરોકત જમીન કિંમતી અવેજ બદલ વેચાણ આપેલ છે, પરંતુ મજકુર જમીન સંબધિત **દસ્તાવેજો/પેપર્સ પૈકી નીચે જણાવેલ દસ્તાવેજો/પેપર્સ ગુમ થયેલ હોય,** અને હાલ મળી આવતા ન હોવાનું જણાવેલ હોય, જેથી ઉપરોકત મીલકત બાબતે જે કોઇ વ્યકિત, બેન્ક, નાણાંકીય સંસ્થા તેમજ કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, ભરણપોષણના હકકો તેમજ ચાર્જ, બોજો, લીયન પહોંચતુ હોય તો, તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પોતાના હકકો દર્શાવતા અસલ દસ્તાવેજી પુરાવાઓની કલર ઝેરોક્ષ નકલ સહિત અમોને લેખીતમાં વાંધા-ખુલાસા રજુ કરવા. મુદત દરમ્યાનમાં વાંધા ખુલાસા રજુ કરવામાં નહિ આવે તો, ઉપરોકત મીલકત બાબતે કોઇનો કોઇપણ પ્રકારનો હકક પહોંચતો નથી અને જો હોય તો તે વેવ યાને જતો કરેલો છે એમ ગણવાનું રહેશે, મુદ્દત વિત્યે સદર જમીન બાબત કે ખોવાયેલ દસ્તાવેજો/પેપર્સ બાબતે કોઇ તકરાર ગ્રાહય રહેશે નહિ, એની જાહેર જનતાએ નોંધ લેવી.

::ખોવાઇ ગયેલ દસ્તાવેજો/પેપર્સની વિગત ::

(૧) ગણપતરાય રંગનાથજી શેઠજીના કુ. મુ. કૃષ્ણ વદન ગણપતરાય શેઠજીએ ઈશ્વરભાઈ શંકરભાઈ પટેલને રજીસ્ટર્ડ દસ્તાવેજ થી વેચાણ કરેલ. જે નોંધ ગામ નમુના નં. ૬ હક્ક પત્રકમાં નોંધ નં. ૧૧૪ થી તારીખ :૧૬/૦૮/૧૯૫૭ ના રોજ પ્રમાણિત થયેલ છે. જેનો અસલ રજી. પાકો વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટ્રેશન પહોંચ ગુમ થયેલ છે.

(૨) ઈશ્વરભાઈ શંકરભાઈ પટેલએ વિઠલભાઈ શંકરભાઈ પટેલને રજીસ્ટર્ડ દસ્તાવેજ થી વેચાણ કરેલ. જે નોંધ ગામ નમુના નં. ૬ હક્ક પત્રકમાં નોંધ નં. ૧૯૫ થી તારીખ : ૨૧/૧૦/૧૯૬૩ ના રોજ પ્રમાણિત થયેલ છે. જેનો અસલ રજી. પાકો વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટ્રેશન પહોંચ ગુમ થયેલ છે.

(૩) વિઠલભાઈ શંકરભાઈ પટેલએ ૧. રાવજીભાઈ ડાહ્યાભાઈ, ૨. રમેશભાઈ ડાહ્યાભાઈ, ૩. ગીરીશભાઈ ડાહ્યાભાઈને રજીસ્ટ્રર્ડ દસ્તાવેજ થી વેચાણ કરેલ. જે નોંધ ગામ નમુના નં. ૬ હક્ક પત્રકમાં નોંધ નં. ૩૨૩ થી તારીખ : ૧૨/૧૦/૧૯૭૧ ના રોજ પ્રમાણિત થયેલ છે. જેનો અસલ રજી. પાકો વેચાણ દસ્તાવેજ તથા અસલ રજીસ્ટ્રેશન પહોંચ ગુમ થયેલ છે.

સ્થળ : સુરત, તારીખ : ૧૭/૧૦/૨૦૨૬

ઓફિસ : "VR ADVOCATES" ૧૦૯, ડ્રીમલેન્ડ, નિર્મળનગરની બાજુમાં, સરથાણા જકાતનાકા, સુરત. ૩૯૫ ૦૦૬ મો.નં. ૮૮૬૬૩ ૧૪૯૧૩

અમારી મારફત **વિમલ આર. પણસારા** એડવોકેટ

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

(૧) ડી. સુરત, સબ-ડી. માંગરોળ, મોજેઃ કઠવાડાના રે.સ. નં.૧૯૭,બ્લોક નં.૧૯૪, રી સર્વે બાદ નવો બ્લોક નં.૨૨૧, વોર્ડઃ કઠવાડા(બીનખેતી), સીટી સર્વે ઓફિસ : ઓલપાડ, સીટી સર્વે નં. NA221, ક્ષેત્રફળ ૨૫૮૭૫.૦૦ ચો.મી. બિનખેતીની જમીન તથા **(૨) ડી. સુરત, સબ.ડી. માંગરોળ, મોજેઃ કઠવાડા ના રે.સ. નં.૨૧૨, બ્લોક નં.૨૦૭, રી સર્વે બાદ નવો બ્લોક નં.૨૩૬, વોર્ડઃ કઠવાડા(બીનખેતી), સીટી સર્વે ઓફિસ : ઓલપાડ, સીટી સર્વે નં. NA236 ક્ષેત્રફળ ૧૨૧૨૩.૦૦ ચો.મી.** બિનખેતીની જમીનના માલિકો, ૧. જયશ્રીબેન શરદકુમાર શાહ, ૨. મમતાબેન રાજેશકુમાર શાહ, ૩. મમતાબેન દીપેશકુમાર શાહ, ઠે. એ/૩-૪, બી/૩-૪, બી/૧-૨, મહાવીર એપા., તરસાડી, કોસંબા,સુરત ૪. નીલમબેન મિલનકુમાર શાહ, ઠે. ૧૧૧૪/ડી વીંગ, સૂર્યપ્રકાશ સોસાયટી, સિટીલાઈટ, સુરતનાઓએ સદરહુ જમીન પોતાની માલિકી, કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલી હોવાનું જણાવી તથા કોઈ પણ તકરાર વગરની હોવાનું જણાવીને બેન્ક લોન હેતુથી અમારી પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ જમીન બાબતમાં કોઈપણ બેંક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો હોય તો **દિવસ-૭** માં દસ્તાવેજી પુરાવા સહીત જાણ કરવી. નહિતર મુદત વિત્યે મજકુર કોઈનો હક, હિત વિ. નથી અથવા તો તેવા તમામ હકકો તેઓએ જતા કર્યા હોવાનુ માનીને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ તર તકરાર કે વાંધો ચાલશે નહી તેની સૌએ નોંધ લેવી.

(ઓ) TF-29, ત્રીજા માળ, ઈ-સ્પેસ બિલ્ડીંગ, શ્રી શ્યામ મંદિરની પાસે, VIP રોડ, વેસુ, સુરત ફોન નં. ૯૮૨૫૧ ૩૭૨૫૭

રાકેશ એ. વાધવાની એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ ભરૂચ, તા. જંબુસર, મોજે / ગામ : સીગામ ના બ્લોક/સરવે નં. ૭૩૬ વાળી ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.-૦-૭૭ આરે-૯૦ ચો.મી. યાને ૭૭૯૦ ચો.મી. જમીન જેનો આકાર જુડી રૂા. ૫.૯૪ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન પટેલ ઈરફાન મોહમદ નાની કાયદેસરના માલિક મુખત્યાર અને કબજેદાર ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ મારા અસીલને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપી અવેજ સ્વીકારી જરૂરી લખાણો કરી આપેલ છે અને જેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરવાનો બાકી છે અને ટુંક સમયમાં દસ્તાવેજ કરાવી લેનાર છે. પરંતુ ભવિષ્યમાં કોઈ કાયદાકીય તકરારને અવકાશ ન રહે તે માટે આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે સદરહું જમીનમાં જો કોઈ શખ્સ, પેઢી, સંસ્થા, વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, બોજો, લાગ-ભાગ કબજો વિગેરે હોય કે કોઈ સાટાખત, લખાણો થયેલ હોય કે કોઈનો ખોરાકી, પોષાકીનો હકક રહેલ હોય યા અન્ય કોઈ તર-તકરાર હોય તો તે અંગેના પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરીને તે અંગેની ખાત્રી કરાવી જવી. ત્યારબાદ મુદત વિત્યેથી સદર જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, દરદાવો, બોજો, લાગભાગ, કબજો વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે તેમ સમજી મારા અસીલ સદરહું જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર કે દરદાવો ચાલશે નહીં. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

હમારી જાણ અને સંમતિથી આ જાહેર નોટીસ આપી સહી/-

ચિરાગ એમ. પટેલ (એડવોકેટ) મો. ૯૯૨૪૯ ૧૯૫૫૫
જીગ્નેશ ટી. પટેલ (એડવોકેટ) મો. ૯૯૧૩૩ ૬૦૭૨૭
ઓફીસ / રહે. ૪૭૧/એ, નીચલી વાડી, નાનીવેડ, વેડ રોડ, સુરત-૩૯૫૦૦૪

મોજે : કાની, તા. મહુવા, જી. સુરતના બ્લોક નં.૩૩૨/પૈકી ૧ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ મહુવાના **મોજે ગામ - કાની**ના **બ્લોક નંબર : ૩૩૨/ પૈકી ૧** કે જેનુ જરાયત ક્ષેત્રફળ સુમારે હે. ૦ - ૯૩ આરે ૦૦ ચો.મી. કે જેનો આકાર રૂા.૬.૫૯ પૈસા, **ખાતા નંબર : ૬૭૦** છે તે ખેતીની જુની શરતની જમીન તેના માલીક **(૧) નિરંજનભાઈ ઈશ્વરભાઈ ચૌહાણ, (૨) નિર્મળાબેન નિરંજનભાઈ ચૌહાણ, (૩) કલ્પેશ નિરંજનભાઈ ચૌહાણ તથા (૪) પ્રતિક નિરંજનભાઈ ચૌહાણ** નાઓએ પોતાની સંયુકત માલીકી કબજા ભોગવટા હેઠળની તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કર્યું છે. તેથી સદરહુ જમીનમાં કોઇપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે કોઇનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલ્કતમાં કોઇપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઇનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ નાણાંકીય વ્યવહાર કરી પાકા દસ્તાવેજો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ તકરાર કે હકક દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી. તા. ૧૭/૧૦/૨૦૨૬

હિતેશ જે. પટેલ (એડવોકેટ એન્ડ નોટરી) મો.નં. ૯૭૨૬૮ ૮૮૧૮૮
અમર બી. જરીવાલા એડવોકેટ મો. ૯૦૧૬૨૫૬૨૯૯
તે ખરીદનારના એડવોકેટ્સ
ઓફીસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત.

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીક્ટ, ઓલપાડ સબ-ડીસ્ટ્રીકટના **મોજે ગામ : કુંદીયાણા**ની સીમમાં સર્વે નં. ૨૮૯ જેનો **બ્લોક નં. ૪૬૦/ક/૨** થી નોંધાયેલી જુની શરતની જમીન ચાલી આવેલી છે. જેનું ક્ષેત્રફળ ૦ હેક્ટર ૨૨ આરે ૪૦ સ.ચો.મીટર છે અને આકાર રૂા.૩-૨૨ પૈસા છે. તે ખેડખાતાની પિયતવાળી જમીન **ભગવતીભાઈ નાથુભાઈ**ની સ્વતંત્ર માલિકીની તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને મારા અસીલ મુદત વિત્યે સદર જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી ઉપર જણાવેલ જમીનમાં અન્ય કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હક્ક-હિસ્સો, હિત-સંબંધ યા લિયનના હક્કો યા અન્ય કોઈના રસ્તા વપરાશના ઈઝમેન્ટના હક્કો યા બેંક-મંડળી, સંસ્થા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ કોઈને વાંધો હોય તો તેમણે લેખિત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધિથી દિન-૭ માં મને નીચેના સરનામે લેખિતમાં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હક્ક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હક્ક દાવા વિગેરે નથી, અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની મારા અસીલ સદર જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈના કોઈપણ વાંધા કે તર-તકરાર ચાલશે નહીં. જેની નોંધ લેશો.

સરનામું : લુપ્રીત આર્કેડ, ત્રીજા માળે, પેટ્રોલ પંપની બાજુમાં, ઓલપાડ મેઈન રોડ, મુ.પો.તા. ઓલપાડ, જિ.સુરત. મો. ૯૮૨૫૨ ૭૪૨૮૧ (તા. ૧૭/૧૦/૨૦૨૬)

ભગવતીભાઈ પી. પટેલ
જયદેવસિંહ સી. ઠાકોર
દક્ષાબેન બી. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટ્સ એન્ડ નોટરીઝ

મોજે ડુમસના, બ્લોક/સર્વે નં.૪૨૯, ૪૩૬, ૬૧૪/૩, તથા ૪૨૪/૩ વાળી જમીન અંગે જાહેર નોટીસનો ખુલાસો

તા.૧૫/૧૦/૨૦૨૬ નાં રોજના ગુજરાત મિત્ર દૈનિકનાં પાના નં.૨ ઉપર એડવોકેટ શ્રી નીરવ આર. દૂધવાલાએ (૧). સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ મજુરા (સુરત-સીટીના), મોજે ગામ ડુમસના, બ્લોક/સર્વે નં.૪૨૯ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનું કુલે ક્ષેત્રફળ હે.આરે.૦-૮૩-૯૭ ચો.મી., જેનો ખાતા નં.૨૭૯૦ વાળી જમીન તથા (૨) સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ મજુરા (સુરત-સીટીના), મોજે ગામ ડુમસના, બ્લોક/સર્વે નં.૪૩૬ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનું કુલે ક્ષેત્રફળ હે.આરે.૧-૨૧-૪૧ ચો.મી., જેનો ખાતા નં.૨૬૫૧ વાળી જમીન તથા (૩) સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ મજુરા (સુરત- સીટીના), મોજે ગામ ડુમસના, બ્લોક/સર્વે નં.૬૧૪/૩ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનું કુલે ક્ષેત્રફળ હે.આરે.૦-૩૫-૪૧ ચો.મી., જેનો ખાતા નં.૩૦૧૪ વાળી જમીન તથા (૪) સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ મજુરા (સુરત-સીટીના), મોજે ગામ ડુમસના, બ્લોક/સર્વે નં.૪૨૪/૩ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનું કુલે ક્ષેત્રફળ હે.આરે.૦-૮૩-૯૭ ચો.મી., જેનો ખાતા નં.૨૭૯૦ વાળી જમીન સંદર્ભે, તેમનાં રેવાબેન તે રતનજીભાઈ કસનજીભાઈની વિધવા, કલાવતીબેન શાંતિલાલ તે ભુપેન્દ્રભાઈ પટેલની પત્ની, ધર્મિષ્ઠાબેન રતનજીભાઈ તે યોગેશભાઈ પટેલની પત્ની તથા ગીરીશ શાંતીલાલ તે રતનજીભાઈ કસનજીભાઈનો પૌત્રએ દિલીપભાઈ કાંતિલાલ ખંડોરનાઓએ નોટીસવાળી જમીન બોગસ પાવર ઓફ એર્ટની તથા એમ.ઓ.યુ. ના આધારે વેચાણ કરવાનાં પ્રયત્ન કરતા હોવાનું જણાવી, તે સંદર્ભે જાહેર નોટીસ છપાવેલ છે.

સદર નોટીસ સંદર્ભે જણાવવાનું કે, નોટીસમાં ઉપર જણાવેલ જમીનોના પાવર ઓફ એર્ટની તથા એમ.ઓ.યુ. મારા અસીલ દિલીપભાઈ કાંતિલાલ ખંડોરને ફકત ટાઈટલને કલીયર કરાવવા, જરૂરી દસ્તાવેજો મેળવવા તથા સંબંધિત હકક, માલિકી અને સંબંધિત કચેરીઓમાં કાયદેસરની કાર્યવાહી માટે તથા માલિકી સંબંધિત બાબતોનું નિરાકરણ લાવવા મારા અસીલને પાવર ઓફ એર્ટની તથા એમ.ઓ.યુ. આપવામાં આવેલ હતું. જે પાવર ઓફ એર્ટની તથા એમ.ઓ.યુ નોટરીશ્રી ઈશ્વરલાલ જે ચૌહાણ તા.૧૯/૦૫/૨૦૨૪ ના રોજે તમોના તમામ અસીલો નોટરી સમક્ષ રૂબરૂ હાજર થઈ તમામ ડોકયુમેન્ટસ નોટરાઈઝ કરાવેલ છે. મારા અસીલને સદર જમીનો વેચાણ કરવા, વેચાણ કરાર અથવા બાનાખત કરવા, વેચાણ દસ્તાવેજ કરવા કે કોઈ તૃતીય પક્ષને જમીન વેચવાની સત્તા આપવામાં આવેલ નથી. મારા અસીલ દ્વારા પાવર ઓફ એર્ટની તથા એમ.ઓ.યુ.ની કોઈપણ શરતનો ભંગ કરવામાં આવેલ નથી અને તેઓએ જમીનના માલિકો અથવા હકધારકોની સંમતિ વિના વેચાણ કરવા માટે કોઈ પ્રયાસ કર્યો નથી. તેમ છતાં મારા અસીલ વિરૂધ્ધ તેઓ બોગસ પાવર ઓફ એર્ટની તથા એમ.ઓ.યુ. દ્વારા તથા અમારી સહી સંમતિ વિના કોઈ બીજા ઈસમને જમીન વેચાણ કરવા પ્રયત્ન કરે છે તેવા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે, જે સંપૂર્ણપણે ખોટા, આધારવિહોણા, ભ્રામક અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડનારા છે. મારા અસીલના જણાવ્યા મુજબ ઉપર પેરા નં.૩ માં જણાવેલ જમીન વર્ષ ૨૦૨૨ માં જમીનનું વેચાણ થઈ ચુકયું હોવા છતાં તે હકીકત છુપાવીને મારા અસીલ સાથે પાવર ઓફ એર્ટની તથા એમ.ઓ.યુ. કરી આપવામાં આવ્યા હોય તો તે અંગેનો ખુલાસો મારા અસીલ દ્વારા કરવા જરૂરી છે. તેમ છતાં ખોટી માહિતીના આધારે મારા અસીલ સાથે તા.૧૯/૦૫/૨૦૨૪ ના રોજ પાવર ઓફ એર્ટની તથા એમ.ઓ.યુ. કરી ગંભીર ગુનો આચરેલ છે.

આ વળતો જવાબ પ્રાપ્ત થયેથી દિન-૭ માં તમોના અસીલ દ્વારા મારા અસીલ વિરૂધ્ધ કરવામાં આવેલા ખોટા અને આધારવિહોણા આક્ષેપો લેખિતમાં પરત ખેંચી, પેરા નં.૩ માં જણાવેલ જમીન વર્ષ ૨૦૨૨ માં વેચાઈ ગયેલી હોવાની હકીકત અંગે સંપૂર્ણ સ્પષ્ટતા આપવામાં આવે, નિઃશરત માફી માંગવામાં આવે અને ભવિષ્યમાં આવા આક્ષેપો ન કરવામાં આવે તેવી લેખિત ખાતરી આપવામાં આવે. જો નિર્ધારિત સમયમર્યાદામાં યોગ્ય સ્પષ્ટતા, આક્ષેપોની પરત ખેંચી અને લેખિત માફી આપવામાં નહીં આવે તો અથવા મારા અસીલ વિરૂધ્ધ ખોટા આક્ષેપો ચાલુ રાખવામાં આવશે તો મારા અસીલ પોતાની પ્રતિષ્ઠા, હિતો અને કાયદેસરના અધિકારોના રક્ષણ માટે બદનક્ષી, નુકશાનની વસુલાત, મનાઈહુકમ તથા છેતરપિંડી, હકીકત છુપાવવી અને અન્ય લાગુ પડતી જોગવાઈઓ હેઠળ ફોજદારી કાર્યવાહી હાથ ધરવા માટે સંપૂર્ણપણે સ્વતંત્ર રહેશે. તેને તમામ જવાબદારી તમોના અસીલની રહેશે. મારા અસીલને કરી આપેલ લખાણ હમો આપશ્રીને બતાવવા રાજી-ખુશી અને તૈયાર છીએ. સબબ, આ જમીનો કોઈપણ વ્યકિતએ નહીં ખરીદવા અને કોઈપણ જાતના વ્યવહારો કરવા કરાવવા નહીં. તેમ છતાં જો કોઈપણ વ્યકિત વ્યવહાર કરશે તો ચોકકસ પણે લીટીગેશનમાં ઉતરવું પડશે. જેની ગંભીર નોંધ લેશો. સુરત.તા.૧૫/૧૦/૨૦૨૬

ઠે.૧૨, આલીશાન એન્કલેવ, સ્ટાર બજારની સામે, અડાજણ સુરત

મારી સુચનાથી **દિપાલી એચ. નાવિક** તે દિલીપભાઈ કાંતિલાલ ખંડોરના એડવોકેટ